# શ્રી રામચંદ્ર મિશન®
# ઈન્ડીયા ન્યુઝલેટર

જાન્યુઆરી ૨૦૦૮ | અંગત પ્રકાશન માટે | વર્ષ ૧ અંક ૧


પ્રિય અભ્યાસી ભાઈ–બહેનો,

પ્રણામ. SRCM ઈન્ડીયાના પ્રથમ અંકમાં આપનું સ્વાગત છે. આ ન્યુઝલેટરમાં પૂ.માસ્ટરના તાજેતરના પ્રવાસોની, મિશનની જાહેરાતોની અને ભારતભરમાં થતાં મહત્ત્વનાં કાર્યક્રમોની માહિતી આપવામાં આવી છે.

આ ન્યુઝલેટર દ્વિમાસિક તરીકે પ્રગટ કરવાનું વિચારાયું છે અને તે અંગ્રેજી ઉપરાંત હિંદી, તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, બંગાળી, ગુજરાતી અને મરાઠીમાં પણ પ્રકાશિત થશે. અભ્યાસીઓ તે તેમની મનપસંદ ભાષામાં મેળવી શકશે. આ ન્યુઝલેટર જે કોઈ અભ્યાસીને જોઈતો હશે, તે સૌને તે ઈમેલ દ્વારા મોકલવામાં આવશે. આ ન્યુઝલેટરના સંગ્રહેલા અંકો SRCMની વેબસાઈટ http://www.srcm.org/centers/as/in/newsletter/index.jsp પરથી મેળવી શકાશે.

ભારતભરમાંથી સમાચારોને લગતાં લેખો આપ અમને મોકલી શકો છો. આપના ઝોન–ઈન–ચાર્જની સંમતિ પછી તેને ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૮ સુધીમાં અમને in.newsletter@srcm.org પર ઈમેલ દ્વારા મોકલાવી શકો છો કે જેથી અમે તેને માર્ચના અંક માટે લઈ શકીએ.

આપ સૌને પૂ.માસ્ટરના આશીર્વાદ સાથે નવા વર્ષની શુભકામનાઓ.

– તંત્રીઓ

## પૂ.માસ્ટરની યુરોપ–યાત્રા – ૫મી ડિસેમ્બરથી ૨૯મી ડિસેમ્બર, ૨૦૦૭



૫મી ડિસેમ્બર, ૨૦૦૭ના રોજ, પૂ.માસ્ટર ૩૦ અભ્યાસીઓ સાથે બ્રસેલ્સ (બેલ્જિયમ) જવા માટે ચેન્નાઈથી નીકળ્યા હતા. આવતાંની સાથે જ, પૂ.માસ્ટરે સવારના ૯.૩૦થી બપોરના બાર વાગ્યા સુધી, હોટલનાં સ્વાગતકંડમાં અભ્યાસીઓની રાહ જોઈને તેમને મળવાનું પસંદ કર્યું હતું અને અમને સૌને સહનશીલતા અને ધૈર્યનો પરિચય કરાવ્યો હતો.

કહીએ સવારે પૂ.માસ્ટર પેરિસ જવા નીકળ્યા હતા. ત્યાં લગભગ એક હજાર અભ્યાસીઓનું જૂથ તેમનું સ્વાગત કરવા ઊભું હતું. જ્યારે પૂ.બાબુજી પેરિસની મુલાકાત લેતા હતા, ત્યારે તેઓ એફિલ ટાવર પાસે રહેતા એક અભ્યાસીના એપાર્ટમેન્ટમા ઉતારો રાખતા હતા. પૂ.માસ્ટર પણ ત્યાં જ રોકાયા હતા. પછી તેઓ ત્યાંથી ૧૫મી ડિસેમ્બરે સીધા જ વ્રાદ્સ (ડેન્માર્ક) જવા (મોટરરસ્તે) નીકળી ગયા હતા. ૧૬ જુદા જુદા દેશોમાંથી આવેલા લગભગ ૯૦૦ અભ્યાસીઓ સાથે તેઓ વ્રાદ્સમાં ૧૧ દિવસ રોકાયા હતા. પૂ.માસ્ટરની વ્રાદ્સની નાતાલ દરમિયાનની આ મુલાકાત વખતે વાતાવરણમાં ઉત્સવની લાગણી છવાઈ ગઈ હતી. જમીન પર બધે બરફ છવાયેલો હતો. પૂ.માસ્ટર સાથે, નજીકમાં આવેલા એક સિનેમાગૃહમાં 'ધ ગોલ્ડન કમ્પાસ' નામની ફિલ્મ જોવા ઘણાં અભ્યાસીઓ પણ ગયા હતા. પૂ.માસ્ટરે જાહેર કર્યું હતું કે તેઓ પૂ.બાબુજીના જન્મોત્સવ વખતે ક્લીવલેન્ડની (યુ.એસ.એ.) મુલાકાત લેશે.



૨૬મીએ વ્રાદ્સમાં બધાં અભ્યાસીઓની પ્રેમપૂર્વક વિદાય લઈને માસ્ટર ઉત્તર જર્મનીમાં આવેલા એક નાના શહેર, બ્રિમેન જવા નીકળ્યા હતા. તે સાંજે બ્રિમેન અને ત્યાંના આસપાસના વિસ્તારમાંથી આવેલાં અભ્યાસીઓ સાથે ઘણા વિષયો પર અનૌપચારિક વાતચીત કરીને તેમણે સૌને ખુશ કરી દીધાં હતાં. માસ્ટરે હૃદયપૂર્વક વાતચીત કરતાં કહ્યું હતું, "જર્મન પ્રજા સત્યપ્રેમી હોય છે. મારા ગુરુજીએ મને શીખવ્યું છે કે તમે જ્યાં પણ જાઓ, ત્યાં કંઈ આપતા જવું જોઈએ. હું જ્યારે સાચું કહું છું, ત્યારે તે તમારી સાથે જ રહેશે....ક્યારેક તેના પર વિચાર કરજો. આપણે હંમેશાં એકબીજા સાથે હૃદયથી વાત કરવી જોઈએ...ફક્ત આપણી જ વચ્ચે નહીં, પણ જે કોઈને મળીએ તે સૌની સાથે."

૨૭મી ડિસેમ્બરની સવારે પૂ.માસ્ટર બ્રસેલ્સ જવા નીકળ્યા અને ૨૯મીએ રાત્રે ચેન્નાઈ પાછા આવી ગયા હતા. માસ્ટર સાથે જે અભ્યાસીઓ મુસાફરી કરી રહ્યા હતા, તેમને માટે આ અનુભવ ખૂબ પ્રેરક રહ્યો હતો. અભ્યાસીઓ માટે તેમની અભિવ્યક્તિ હૃદયના ઊંડાણમાંથી હતી, સંપૂર્ણ પ્રેમસભર હતી અને તેમને પોતાની જાતની તો લગીરે ચિંતા નહતી. નોંધપાત્ર એ છે કે તેઓ આપણને સૌને આપણા હૃદયનો ઉપયોગ કરવાનું, ખુમારીથી વિચારવાનું, લોકો સાથે દિલથી વાત કરવાનું અને સાચી વસ્તુ માટે સામનો કરવાનું કહે છે અને તેનો આગ્રહ રાખે છે.

– એમ.એમ.ધનમૂર્તિ, તિરૂપુર

## મણપાક્કમ, ચેન્નાઈમાં નવા વર્ષની ઉજવણી



પૂ.માસ્ટર ૩૦મી ડિસેમ્બર ૨૦૦૭, રવિવારના રોજ સવારે ૨.૧૫ વાગ્યે ચેન્નાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યા હતા. ત્યારે ત્યાં લગભગ ૪૦૦ અભ્યાસીઓ તેમની રાહ જોતા હતા. પૂ.માસ્ટર ખૂબ સ્વસ્થ જણાતા હતા અને તેમણે તેમને મળવા એકઠા થયેલા અભ્યાસીઓ સાથે વાતો કરવામાં સારો એવો સમય ગાળ્યો હતો. પછી તેઓ બાબુજી મેમોરીયલ આશ્રમ ગયા હતા. ત્યાં તેમની સાથે નવું વર્ષ ઉજવવા માટે ઘણાં અભ્યાસીઓ ભેગાં થયાં હતાં. ફરીથી તેમણે તેમને અપાયેલા આ પ્રેમાળ સત્કારમાં પણ સારો સમય વીતાવ્યો હતો.

તેમની લાંબી અને મોડી રાત સુધીની મુસાફરી હોવા છતાં પૂ.માસ્ટર સવારે વહેલાં તૈયાર થઈ ગયા હતા અને હોલમાં ભેગાં થયેલાં લગભગ ૩,૦૦૦ જેટલાં અભ્યાસીઓ માટે રવિવારના સત્સંગનું સંચાલન કર્યું હતું. અભ્યાસીઓ ખુશ થઈ ગયા હતા. તે પછી દિવસ દરમિયાન અને ૩૧મીએ સવારે પણ તેઓ નવાં પ્રશિક્ષકો બનાવવામાં અને વિવિધ વહીવટીય કાર્યોની સંભાળ લેવામાં વ્યસ્ત રહ્યા હતા. ૩૧મીની સાંજે તેમણે તેમની ગોલ્ફ–કાર્ટમાં બેસીને આખા આશ્રમનું ચક્કર લગાવ્યું હતું.

પહેલી જાન્યુઆરીની સવારે, પૂ.માસ્ટરે ત્યાં હાજર રહેલા ૫,૦૦૦ અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો હતો. સાંજનો થોડો સમય તેમણે તેમનાં કોટેજની બહાર આવેલી પૂ.બાબુજી મહારાજની મૂર્તિ સામે બેસીને મૌન રહીને વીતાવ્યો હતો. ટૂંકમાં નવા વર્ષ ૨૦૦૮ને પૂ.માસ્ટર સાથે વધાવવા જે કોઈ અભ્યાસીઓ આવ્યાં હતાં, તેમને માટે આ ખાસ સવિશેષ સમય રહ્યો હતો. મણપાક્કમ આશ્રમ પર વરસેલા તેમના પ્રેમમાં અને તે આધ્યાત્મિક વાતાવરણમાં સૌ ડૂબી ગયાં હતાં.

– સહજ સંદેશના અહેવાલ પરથી

### પૂ.માસ્ટરનો નવા વર્ષનો સંદેશ

"તમે સૌ આધ્યાત્મિકતામાં હરણફાળ ભરીને આગળ વધો, તેવી પ્રાર્થના."

## "હી, ધ હુકા એન્ડ આઈ"નું લવાજમ

આ વિશેષ પ્રકાશનની અમને મળતી સતત વિનંતીઓને કારણે, તેનું લવાજમ લેવાના કાર્યને ચાલુ રાખવાની સંમતિ પૂ.માસ્ટરે આપી છે. જે અભ્યાસીઓને તેનું લવાજમ ભરવું હોય, તેઓ નીચેની લીન્ક ઉપરથી ઓનલાઈન ફોર્મ ભરી, ક્રેડીટ કાર્ડથી નાણાં ચૂકવી શકે છે:
https://www.srcm.org/onlinebookstore/selectcountryforsubscriptions.jsp

આ વિશેષ પ્રકાશનને તમિલ અને હિન્દી પુસ્તકરૂપે બહાર પાડવાનું નક્કી કરવામાં આવ્યું છે કે જેથી તમિલ અને હિન્દીભાષી અભ્યાસીઓને પણ તેનો લાભ મળે. ૨૯–૦૨–૨૦૦૮ સુધીમાં પોતાનું પુસ્તક નોંધાવનારને રૂ.૨૦૦/– ભરવાના રહેશે અને
૦૧–૦૩–૨૦૦૮ કે તે પછી નોંધાવનારને રૂ.૩૦૦/– ભરવાના રહેશે. અભ્યાસીઓને નમ્ર વિનંતી કે તેઓ તેમનું પુસ્તક વહેલાસર નોંધાવી લે કે જેથી આ પ્રકાશન માટે અગાઉથી યોગ્ય વ્યવસ્થા કરી શકાય.

આ માટે અભ્યાસીઓ તેમનાં સેન્ટરના સેન્ટર–ઈન–ચાર્જ અથવા પ્રકાશન વિભાગના કોઓર્ડીનેટરનો સંપર્ક કરી શકે છે.

## સેવા

પ્રેમ કરવા કરતાં સેવા કરવી સહેલી છે. પ્રેમ કરવો બહુ અઘરો છે. સેવા કરવી બહુ સહેલી છે. જો તમે કોઈની હૃદયપૂર્વક સેવા કરો, તો તમને આપોઆપ તેમનો પ્રેમ મળે છે અને તેમની તે ફરજ બને છે અને તેમણે તમને જે આપવાનું હોય, તે તેમણે તમને આપવું જ પડે છે.

પૂ.ચારીજીના પુસ્તક "હાર્ટ–ટુ–હાર્ટ વોલ્યુમ ૨"ના પૃષ્ઠ–૧૬૨ પરના "પ્રશ્નો અને ઉત્તરો ૧"માંથી

## પૂ.બાબુજી મહારાજના ૧૦૯મા જન્મોત્સવની ઉજવણી

અમને જણાવતાં આનંદ થાય છે કે પૂ.માસ્ટરે યુ.એસ.એ.ના ઓહાયોમાં આવેલા ક્લીવલેન્ડ ખાતે, પૂ.બાબુજી મહારાજના ૧૦૯મા જન્મોત્સવના પવિત્ર પ્રસંગે, ઈન્ટરનેશનલ સેમિનાર યોજવાનું નક્કી કર્યું છે. આ ઉત્સવનું સ્થળ ક્લીવલેન્ડ ફેર ગ્રાઉન્ડ્સ રહેશે અને તે લગભગ ૧૦૦ એકરની સુંદર ભૂમિ છે. ૧૦,૦૦૦ અભ્યાસીઓ ભાગ લઈ શકે તેવી ત્યાં વ્યવસ્થા છે.

૨૮મી એપ્રિલથી ૧લી મે, ૨૦૦૮ દરમિયાન ઉજવાનારા આ ઉત્સવનું આમંત્રણ પૂ.માસ્ટરે દુનિયાભરનાં તમામ અભ્યાસીઓને પાઠવ્યું છે. આ સેમિનારની સઘળી માહિતી જાન્યુઆરી ૨૦૦૮ના પહેલા અઠવાડિયામાં, ઈમેલ દ્વારા બધાં જ સેન્ટરોમાં પહોંચી જશે.

## બાબુજી મેમોરિયલ આશ્રમ ખાતે યુવા–કાર્યક્રમ (યુથ પ્રોગ્રામ) ૯મી 'બેચ'

બાબુજી મેમોરિયલ આશ્રમ, ચેન્નાઈ ખાતે ૧લી એપ્રિલથી ૩૦મી જૂન, ૨૦૦૮ દરમિયાન યોજાનારા યુવા–કાર્યક્રમ(યુથ પ્રોગ્રામ)ની ૯મી 'બેચ' વિશે જાહેર કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. સહજ માર્ગની યુવાપેઢીને આશ્રમનાં સંચાલનના વિવિધ પાસાંઓની તાલીમ આપવાનો આ કાર્યક્રમનો હેતુ છે.

આ કાર્યક્રમની વિશેષ લાક્ષણિકતાઓ:

- તેમના રોકાણ દરમિયાન આશ્રમની સંભાળ લેવા માટેનાં દરેક પાસાંની અને સહજ માર્ગ પરની ઘનિષ્ઠ તાલીમ.
- કાર્યક્રમ દરમિયાન ભાગ લેનાર દરેક અભ્યાસી માટે આશ્રમ ખાતે જ, નિ:શુલ્કભાવે રહેવાની વ્યવસ્થા. ભોજન તથા ડોરમેટરીમાં રહેવાની વ્યવસ્થા આશ્રમમાં આપવામાં આવશે.

આ કાર્યક્રમ માટે નીચેના અભ્યાસીઓ અરજી કરી શકશે:

- ભારતમાં વસતા, ૨૦થી ૪૦ વર્ષની વયના અભ્યાસીઓ જ અરજી કરી શકશે.
- અરજી કરતી વખતે અભ્યાસીએ સહજ માર્ગ ધ્યાન પધ્ધતિ પ્રમાણે ઓછામાં ઓછું બે વર્ષ ધ્યાન કર્યું હોવું જોઈએ.
- અભ્યાસીએ એક અથવા બે ભંડારા / ઉત્સવમાં હાજરી આપેલી જ હોવી જોઈએ.
- અરજી સાથે ઝોન–ઈન–ચાર્જ, સેન્ટર–ઈન–ચાર્જ કે પ્રિસેપ્ટર–ઈન–ચાર્જ તરફથી 'અભ્યાસીની સારી વર્તણૂંક'નું 'સર્ટિફીકેટ ઓફ કન્ડક્ટ' જોડેલું હોવું જ જોઈએ.
- કાર્યક્રમ દરમિયાન કોઈ પણ જાતની મદદ, નાણાંકીય કે અન્ય કોઈ અપેક્ષા કરવી નહીં. (ભોજન અને રહેવા સિવાય, કારણકે તે તો આશ્રમમાં કોઈ પણ કિંમત ચૂકવ્યા વિના આપવામાં આવશે.) પોતાના રોકાણ દરમિયાન જરૂરી કપડાં સાથે રાખવાનું અને પોતાનાં અંગત ખર્ચાઓ માટે પૂરતાં રૂપિયા પણ સાથે રાખવાનું જરૂરી છે.
- કાર્યક્રમ પૂરો થાય ત્યાં સુધી ભાગ લેવા માટેની ખૂબ ધગશ અને શિસ્ત હોવાં જરૂરી છે. કાર્યક્રમનાં અંત સુધી જેઓ સફળતાપૂર્વક ભાગ લેશે, તેમની મણપાક્કમ અને ભારતનાં અન્ય આશ્રમોમાં આશ્રમના સ્ટાફ તરીકે ભરતી થઈ શકશે.

આ કાર્યક્રમનું માધ્યમ અંગ્રેજી રહેશે. જે અભ્યાસી ભાઈ–બહેનોએ આ કાર્યક્રમ માટે અરજી કરવી હોય, તેમણે તે પોતાનાં ઝોન–ઈન–ચાર્જ, સેન્ટર–ઈન–ચાર્જ કે પ્રિસેપ્ટર–ઈન–ચાર્જ મારફત કરવી. યોગ્ય રીતે ચકાસીને પસંદ કરાયેલા અરજદારોને ઈમેલ / ટપાલ / ટેલિફોન દ્વારા જણાવવામાં આવશે. અરજીનું ફોર્મ નીચેની લીન્ક પરથી મળી રહેશે.
"http://www.srcm.org/members/ssandesh/2007/2007_12_Youth_Program_ApplicationForm.pdf"

ભરાઈ ગયેલી અરજીઓ નીચેના સરનામે પણ મોકલી શકાશે.
એસ.પ્રકાશ – આશ્રમ મેઈનટેનન્સ મનેજર, બાબુજી મેમોરિયલ આશ્રમ
શ્રી રામચંદ્ર મિશન રોડ, મણપાક્કમ, ચેન્નાઈ – ૬૦૦ ૧૧૬.
ટેલિફોન: ૯૧ ૪૪ ૪૨૧૭ ૧૧૧૧ / ૯૧ ૯૮૪૦૦ ૯૬૪૫૪
prakash@seechangeworld.com

## મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણ VBSE કાર્યક્રમ



તમિલનાડુમાં આવેલા અમરાવતી શહેરની સૈનિક સ્કૂલના આચાર્ય અને એક ભૂતપૂર્વ વિદ્યાર્થીની વિનંતીથી ૧૫મી અને ૧૬મી ડિસેમ્બરના રોજ શાળાના જ પ્રાંગણમાં મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.




આ કાર્યક્રમમાં ૫૦ શિક્ષકોએ ભાગ લીધો હતો અને ભાગ લેનારા બધા જ શિક્ષકો આ જ શાળાના બાળમંદિર, પ્રાયમરી અને હાઈસ્કૂલ વિભાગમાં ફરજ બજાવી રહ્યા છે. આચાર્ય કર્નલ જે.એચ.સેમ્યુઅલે કાર્યક્રમનો આરંભ કરતાં કહ્યું હતું કે આજે દરેક સ્કૂલમાં આવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે એ જરૂરી છે. તેમણે અમને પ્રેરણા આપતા, આગેવાની તથા તણાવ–નિયંત્રણને લગતા અને ૧૩થી ૧૯ વર્ષની વયનાં બાળકોના
ઘડતરમાં મદદરૂપ થતાં શિક્ષણને આવરી લેવાની વિનંતી કરી હતી. તદુપરાંત તેમણે પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસક્રમ વિશે અને તેમાંથી શીખવાડવામાં આવતા મૂલ્યો વિશે વાત કરી હતી.

અમે શિક્ષકો માટે અમુક વહેવારુ પ્રવૃત્તિઓ યોજી હતી, જે બધાંને પસંદ આવી હતી અને સૌએ ઉત્સાહપૂર્વક અને ઉમંગભેર તેમાં ભાગ લીધો હતો. શાળાના આચાર્ય લેફ.કર્નલ વીરસીંગે કાર્યક્રમનું સમાપન કર્યું હતું અને રજીસ્ટ્રાર સ્કવો.લીડર સંજય એ.પાટિલે બંને દિવસ હાજરી આપી હતી. ભાગ લેનાર શિક્ષકો સમક્ષ અમને 'મનનું નિયમન' અને સહજ માર્ગ પધ્ધતિ વિશે બોલવાની તક પણ મળી હતી. શાળાના આચાર્યે આવતા વર્ષની શરૂઆતમાં ત્યાં 'ઓપન હાઉસ'નો કાર્યક્રમ રાખવાની ઈચ્છા દર્શાવી હતી.

– સીતા કુંચીથપદમ, ચેન્નાઈ

## મુઝફરપુરમાં તાલીમ કાર્યક્રમ

મુઝફરપુર સેન્ટરમાં ૮મી ડિસેમ્બર ૨૦૦૭ના રોજ નવા અભ્યાસીઓ માટે તાલીમ કાર્યક્રમ (ટ્રેનીંગ પ્રોગ્રામ) રાખવામાં આવ્યો હતો. બિહાર અને ઝારખંડ ઝોનના લગભગ ૬૦ અભ્યાસીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. SMRTI એ આપેલા સૂચન પ્રમાણે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડો.જી.એમ.ભટનાગર અને મનોજ તિવારીએ કર્યું હતું.

સાધનાનાં વિવિધ મુખ્ય પાસાંઓ પર વકતવ્ય આપવામાં આવ્યા હતા અને ચર્ચા કરવામાં આવી હતી. તેમાં ભાગ લેનાર અભ્યાસીઓએ વિવિધ પાસાંઓ પરની તેમની પોતાની સમજ રજૂ કરી હતી અને તેઓ દરેક પાસાનું મહત્ત્વ શું છે, તે ઘણી સ્પષ્ટ રીતે શીખ્યા હતા. દરેક વિષયને સચોટ અને જીવંત રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. પ્રશ્નોત્તરી સ્પર્ધા પણ રાખવામાં આવી હતી, જેના દ્વારા તાલીમાર્થીઓ ઘણી વાતોથી માહિતગાર થયા અનેતેમણે સહજ માર્ગ વિશે ઊંડી સમજ મેળવી હતી.

સાંજે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાં ૩૦ મહેમાનોએ હાજરી આપી હતી અને તેમણે સહજ માર્ગનાં વિવિધ પાસાંઓ પર પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

૯મી ડિસેમ્બરે યુવાનો માટે તાલીમનો કાર્યક્રમનું રાખવામાં આવ્યો હતો, જેનું સંચાલન વિજયકુમારે કર્યું હતું. આ કાર્યક્રમનો હેતુ યુવાન અભ્યાસીઓને અને દિલથી–યુવાન હોય તેવા અભ્યાસીઓને, મિશનની પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો કે જેથી તેઓ ઝડપથી વિકસી રહેલી સંસ્થામાં સહયોગ આપી શકે અને આદર્શ અભ્યાસી બની શકે.

પહેલા વિભાગના વિષયો હતા, "યુવાનો પાસેથી પૂ.માસ્ટર શું અપેક્ષા રાખે છે?" અને "યુવાનોને સાધનામાં કઈ સમસ્યાઓ નો સામનો કરવો પડે છે અને તેનાં ઉપાયો શું છે." બીજા વિભાગમાં ભાઈ અજયકુમારે "યુવાનો માટે માર્ગદર્શન અને અ ` ન ા ુ અમલીકરણ" પર અને ભાઈ બ્રજેશ અગ્રવાલે યુવાનો માટે સૂચવાયેલાં સાહિત્યો" પર વકતવ્ય આપ્યું હતું. ત્યાર પછી સમૂહચર્ચા રાખવામાં આવી હતી, જેનો વિષય હતો, "આપણા અંગત અભ્યાસમાં આપણે શું કરીશું અને આ કાર્યક્રમમાં ભાગ લીધા પછી આપણે આપણાં સેન્ટરોમાં શું કરીશું?"ચર્ચા પછી, દરેક જૂથના પ્રતિનિધિએ તેમણે પોતાના જૂથમાં કરેલી ચર્ચાનો સાર રજૂ કર્યો હતો. છેલ્લે, મુઝફરનગર સેન્ટરના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો.



અભ્યાસીઓને લાગ્યું હતું કે આવા કાર્યક્રમો વારંવાર રાખવા જોઈએ કારણકે તેનાથી આપણી સાધના વધારે મજબૂત બને છે.

## આંધ્ર પ્રદેશનો ઓપન હાઉસ કાર્યક્રમ



મિશનના વિકાસ માટે વિવિધ સેન્ટરોમાં યોજાતાં હોમ ગેધરીંગ અને ઓપન હાઉસને પ્રોત્સાહન આપવામાં આવે છે. ૨૩મી ઓગસ્ટ ૨૦૦૭ના રોજ ભોંગીર સેન્ટરમાં ઓપન હાઉસ રાખવામાં આવ્યું હતું. આ સેન્ટરની શરૂઆત આ વર્ષે જ થઈ હતી અને અહીં ૧૦૦ જેટલાં સક્રિય અભ્યાસીઓ છે. આ ઓપન હાઉસનું સંચાલન હૈદ્રાબાદના પ્રશિક્ષકોએ અને બીક્ષમભાઈએ કર્યું હતું જેમાં ૨૦૦થી પણ વધારે લોકોએ હાજરી આપી હતી. તેમાંના ૨૦ જણે ધ્યાનનો અભ્યાસ શરૂ કર્યો હતો. એ કલ્પના કરવી પણ અઘરી છે કે એક વર્ષ પહેલાં અહીં એક પણ અભ્યાસી નહતો.

બીજાં કેટલાંક ઓપન હાઉસ નાગાર્જુન સાગર ખાતે રાખવામાં આવ્યાં હતાં, જેમાં સમાવેશ થાય છે, બપાટ્લા ખાતે સ્ટાફ અને એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે, માચડાકુર ખાતે હોમ સાયન્સ અને એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે, કડપ્પા ખાતે એન્જીનીયરીંગ કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે, કડપ્પા અને પ્રોદુતુરની પ્રોવીડન્ટ ફંડ ઓફિસ ખાતે, હૈદ્રાબાદ ખાતે HALના કર્મચારી વર્ગ માટે અને BHEL ખાતે ડીગ્રી કોલેજના વિદ્યાર્થીઓ માટે.

## લાયક બનવા કામ કરો





માયસોર સેન્ટરમાં ત્રીજી અને ચોથી નવેમ્બર ૨૦૦૭ના રોજ, બે દિવસનો તાલીમ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમનો હેતુ એ સંદેશ પ્રસરાવવાનો હતો કે આધ્યાત્મિકતામાં પ્રગતિ કરવા માટે 'સેવા' જ એક સૌથી ઝડપી અને સલામત રસ્તો છે. સેવા દ્વારા જ અભ્યાસી ગુરુની કૃપાને લાયક બની શકે છે. તેથી, તાલીમ કાર્યક્રમના હેતુઓ નીચે મુજબના હતા.

- સેવાની જરૂરિયાતને સમજવી અને સેવા સાથે જોડાયેલા વિવિધ પાસાંઓનું મૂલ્યાંકન કરવું.
- સેવામાં 'ટીમવર્ક'ની વિચારધારાને સમજવી.
- મિશનમાં સેવા માટે મોજૂદ તકોને અને એમાં ભાગ લેવાની રીતોને સમજવી.

માયસોર, હંસુર, કે.આર.નગર, નંજનગુડ, કોલેગલ, હનુર, આમ્રજનગર, અને ટી.નરસીપુર જેવાં વિવિધ સેન્ટરોમાંથી લગભગ ૧૨૫ જણે આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. બેંગલોર અને માયસોરના વગદાર લોકો આ કાર્યક્રમ યોજવામાં મદદરૂપ થયા હતા.

પહેલા દિવસે કાર્યક્રમની શરૂઆત સત્સંગથી કરવામાં આવી હતી. એ પછી, ભાગ લેનારાઓને કાર્યક્રમના હેતુથી વાકેફ કરવામાં આવ્યા હતા. ત્યાર પછી, અભ્યાસીઓને 'એકસાથે મળીને કાર્ય કરવાની જરૂરિયાત' પર મનન કરીને સમૂહમાં ચર્ચા કરવાનું કહેવામાં આવ્યું હતું. જુદી જુદી રમતો વડે શિક્ષણને આનંદદાયક બનાવવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આ રીતે ભાગ લેનારાઓને કાર્ય કરવાની પ્રક્રિયાનું, ટીમવર્કના મહત્ત્વનું અને તેમાં આવતા પડકારોનું તેમ જ તેનો સામનો કરવાના રસ્તાઓનું મૂલ્યાંકન કરી શક્યા હતા.

બીજા દિવસે, સેવા સાથે જોડાયેલાં વિવિધ પાસાંઓ પર ચર્ચા કરવામાં આવી હતી, જેમ કે સેવાની જરૂરિયાત, સ્વયંસેવકોનું વલણ, કાર્યની નીતિ અને સ્વયંસેવકોને ટેકો આપીને તેમને તાલીમ આપવામાં કાર્યકરોની/પ્રશિક્ષકોની ભૂમિકા. ચર્ચાઓ પછી દરેક જૂથના પ્રતિનિધિઓએ રજૂઆત કરી હતી.

દિવસના અંતે અભ્યાસીઓ વચ્ચે પ્રશ્નોત્તરીની સ્પર્ધા રાખવામાં આવી હતી, જેના વિષયો હતા, માસ્ટર, મિશન અને પધ્ધતિ. ત્યાર પછી મિશનની વિવિધ પ્રવૃત્તિઓ, જેમ કે તાલીમ કાર્યક્રમો, ઓપન હાઉસ, મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણની પ્રવૃત્તિઓ અને આખા દિવસના કાર્યક્રમો અંગે માહિતી આપવામાં આવી હતી. સાંજના સત્સંગથી કાર્યક્રમ પૂરો કરવામાં આવ્યો.

– ડો. ક્રિષ્નામૂર્તિ, બેંગલોર

## ચિલ્ડ્રન સેન્ટર, બેંગલોર

"બાળકો અદ્દભુત રીતે પરિવારમાં સુખ, શાંતિ અને સુમેળ લાવે છે. બાળકો આપણાં જીવનમાં આનંદ માટેના બે અગત્યનાં ઘટકો, પ્રકાશ અને હાસ્યને લાવે છે. તેઓ જે પરિવારમાં જન્મે છે, ફક્ત એ પરિવારનું જ નહીં, પણ સમગ્ર માનવજાતના ભવિષ્યનું પ્રતિનિધિત્વ કરે છે. તેથી તેમની વૃધ્ધિ અને વિકાસ માટે ફાળો આપીને આપણે માનવજાતના ભવિષ્યને ઘડવામાં ખૂબ ચોક્કસ રીતે ભાગ લઈએ છીએ." –શ્રી પી.રાજગોપાલાચારી



બેંગલોર ખાતેનું ચિલ્ડ્રન સેન્ટર, બાળકો માટેનું સુમેળભર્યું વાતાવરણ સર્જવાના આશયથી કાર્ય કરે છે. તેઓ માતાપિતાને જાણે ખાતરી આપે છે કે જ્યારે તેઓ રવિવારના સત્સંગમાં આવે છે ત્યારે એમનાં બાળકો સારી દેખરેખમાં હોય છે.

આ નિશ્ચિત કરવા માટે એવું નક્કી કરવામાં આવ્યું હતું કે દરેક રવિવારે એક વ્યક્તિને સંચાલક (કોઓર્ડીનેટર) બનાવીને તેને જવાબદારી સોંપવામાં આવે અને તેની સાથે સ્વયંસેવકો કામ કરે. દર રવિવારે અલગ અલગ વ્યક્તિઓ સંચાલક અને સ્વયંસેવકો તરીકે સેવા આપે છે. આ રીતની સૂચિ ત્રણ મહિના માટે જાહેર કરવામાં આવી. અને સંચાલકને તેના અનુભવ અને કુશળતાના આધારે પ્રવૃત્તિઓ નક્કી કરવાની, તેની રૂપરેખા બનાવીને તેને અમલમાં મૂકવાની પરવાનગી આપવામાં આવી છે. સ્વયંસેવકો બાળકો માટે આદર્શ પાત્ર બને, એ વાત પર વધારે ભાર મૂકવામાં આવ્યો છે.

આ યોજના સફળ થઈ છે અને તેનો ફાયદો એ થયો છે કે દર અઠવાડિયે બાળકો વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓ માણી રહ્યા છે, જેવી કે વાર્તા કહેવી, કઠપૂતળી તૈયાર કરવી, કઠપૂતળીના ખેલ કરવા, હાથકારીગરી, પ્રશ્નોત્તરી સ્પર્ધા, અભિનય કરવો, ગાવું, વાંચવું, ચિત્રો દોરવાં, વગેરે. સંચાલકો નવી નવી યોજનાઓ સાથે આગળ આવી રહ્યા છે અને આઠ–દસ અઠવાડિયે એકવાર તેઓ સંચાલક તરીકે રહી શકે છે. તેઓ બહુ પહેલાંથી તૈયારીઓ શરૂ કરી દે છે અને જરૂર પડે સંચાલકો અને સ્વયંસેવકો એકબીજાની સગવડ સાચવી લે છે જેથી સ્વયંસેવકો નિયમિતપણે સત્સંગમાં હાજર રહી શકે. આ રીતે સ્વયંસેવકોનો તેમના કાર્ય પ્રત્યે આસક્ત થવાનો ડર ઓછો થઈ ગયો છે. જેમણે પ્રારંભિક સમસ્યાઓ અનુભવી છે અને તેનું નિરાકરણ કર્યું છે, તેમનામાં હવે આત્મ–વિશ્વાસ વધ્યો છે અને તેઓ આગળની પ્રવૃત્તિઓ હાથમાં લેવા ઉત્સુક છે.

સ્વયંસેવકોના પ્રયત્નોથી સુમેળભર્યું વાતાવરણ સર્જાયું છે અને તેથી ઘણા વાલીઓ સ્વયંસેવકોની મદદ માટે અને અમુક વાલીઓ તો સ્વયંસેવક તરીકે પણ આગળ આવ્યા છે. શરૂઆતમાં સમસ્યાઓ ઘણી હતી પણ આશ્રમ ઓફિસના અને અન્ય સ્વયંસેવકોની ધીરજને કારણે સમસ્યાઓ તરત જ હલ કરવામાં આવી હતી અને ભવિષ્યમાં તે ફરીથી ઊભી ન થાય, તે માટે જરૂરી ફેરફારો પણ કરવામાં આવ્યા હતા.

–પ્રભાકર રેવૂરી, બેંગલોર

## અભ્યાસી ટ્રેનીંગ પ્રોગ્રામ – ઈન્દોર સેન્ટર



તા.૨૮થી ૩૦મી ડિસેમ્બર, ૨૦૦૭ દરમિયાન ઈન્દોર ખાતે અભ્યાસી ટ્રેનીગ પ્રોગ્રામ યોજાયો હતો. આ પ્રોગ્રામમાં મધ્યપ્રદેશનાં જુદા જુદા સેન્ટરોમાંથી આવેલા ૯૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો અને આ દરમિયાન તેઓ આશ્રમમાં રહ્યા હતા. આ ટ્રેનીંગ પ્રોગ્રામમાં જુદી જુદી પ્રવૃત્તિઓને આવરી લેવામાં આવી હતી, જેમ કે દૈનિક સાધના, સહજ માર્ગ સાધનાના વિવિધ તત્ત્વો પરની ઔપચારિક ચર્ચાઓ, જૂથ ચર્ચાઓ, પ્રશ્નોત્તરી, મિશનના સાહિત્યનું વાંચન, વગેરે.



આ તાલીમ કાર્યક્રમમાં ખાસ એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે પૂ.માસ્ટરે સાધનાને લગતા જે સલાહસૂચનો આપ્યા છે, તેને વ્યવહારુ રીતે અમલમાં મૂકવામાં આવે.

સાધનામાં નિયમિતતા અને નિષ્ઠા લાવવા માટેનો જોમ અને ઉત્સાહ ફરીથી જાગ્રત થતો જણાતો હતો. છેલ્લે દિવસે કેટલાંક અભ્યાસીઓએ કાર્યક્રમ દરમિયાન થયેલાં તેમનાં અનુભવો વર્ણવ્યાં હતાં. કાર્યક્રમ દરમિયાન બધાંએ પૂ.માસ્ટરની કૃપા અને તેમની ઉપસ્થિતિ અનુભવી હતી.

–અવિનાશ કર્મકાર અને રાજેશ રેવરકાર, ઈન્દોર

## ગુજરાત ટ્રેનીંગ પ્રોગ્રામ



બે વર્ષથી વધારે સમયથી અભ્યાસ કરતાં હોય તેવા અભ્યાસીઓ માટે દર મહિનાના બીજા શનિ–રવિવારે વારાફરતી હિન્દી અને ગુજરાતીમાં ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન નક્કી કરવામાં આવ્યું છે. આખાય ગુજરાત ઝોન માટે આ પ્રોગ્રામ અમદાવાદના અડાલજ આશ્રમ ખાતે યોજવામાં આવે છે.

પૂ.માસ્ટરના કહેવા મુજબ, આ પ્રોગ્રામનો મુખ્ય હેતુ એ છે કે પ્રતિભાઓને અલગ તારવીને તેમને તૈયાર કરવામાં આવે કે જેથી તેઓ મિશન માટે એક સાચી થાપણ બની રહે.

આ વખતનો કાર્યક્રમ ડિસેમ્બર મહિનાના બીજા શનિવારે સવારે ૮ વાગ્યે ગુજરાતીમાં ચાલુ થયો અને રવિવારે બપોરે ૪ વાગ્યે પૂરો થયો. તેમાં કુલ ૪૦ અભ્યાસીઓએ ભાગ લીધો. આયોજિત પ્રવૃત્તિઓ અલગ અલગ રીતે, વિચારોની આપ–લેને પ્રેરતી હતી અને દરેક તાલીમાર્થીને નિખાલસ થવામાં મદદ કરતી હતી કે જેથી તે પોતાનાં મંતવ્યો મુક્તપણે જણાવી શકે. ‘સેન્ટરના વિકાસ માટે હું કેવી રીતે મારો ફાળો આપી શકું’ જેવા વિષયો પર ખૂબ સચોટ ચર્ચાઓ થઈ હતી અને પ્રેરણાદાયક અભિપ્રાયો બહાર આવ્યા હતા. જુદા જુદા આધ્યાત્મિક મૂલ્યો પર જુદા જુદા જૂથોએ નાટિકાઓ પણ રજૂ કરી હતી.

એક એવી પણ ચર્ચા હતી, જેનો વિષય હતો, ’પૂ.માસ્ટરને પહેલીવાર જોયા પછી/મળ્યા પછી મારામાં શું પરિવર્તન આવ્યું’. આ વાર્તાલાપોમાં પૂ.માસ્ટરની ઉપસ્થિતિ બહુ સ્પષ્ટપણે જણાતી હતી.

’નવા જિજ્ઞાસુઓને સહજ માર્ગનો પરિચય કેવી રીતે આપવો’ અને ’સાધનામાં નિયમિતતાનું મહત્ત્વ’ જેવાં ઘણાં અગત્યનાં વિષયો દ્વારા વક્તાઓએ પૂ.માસ્ટર, મિશન અને પધ્ધતિ વિશેની ઊંડી સમજ આપી હતી. વક્તાઓએ સાચાં ઉદાહરણો આપ્યાં હતાં કે જેથી અભ્યાસીઓ તે સારી રીતે સમજી શકે.

વક્તાઓમાં સુરેશ રાજગોપાલન, તારા ચૌહાણ, જિગ્નેશ શેલત, ડો.વિનોદ અગ્રવાલ, ડો.સુરેન્દ્ર અગ્રવાલ, હિરેન શાહ, ભાવિન પટેલ, હર્ષા ચૌહાણ, રાજેન્દ્ર રાઠોડ, વિલાસ ભોન્દે અને સમિત પટેલનો સમાવેશ થયો હતો.

એક પ્રવૃત્તિ એવી હતી, જેમાં દરેક જૂથને એક વસ્તુ આપવામાં આવી હતી અને તેમણે તેમાંથી આધ્યાત્મિક મૂલ્ય શોધીને રજૂ કરવાનું હતું. આમાં ઘણો આધ્યાત્મિક બોધ મળ્યો હતો. શનિવારે રાત્રે આયોજેલા ’કેમ્પફાયર’થી અભ્યાસીઓમાં ભાઈચારાની ભાવના વધી હતી અને ભાગ લેનારાઓની ગાયન અને નાટ્યની આવડત બહાર આવી હતી.

કાર્યક્રમ દરમિયાન યોજાયેલા ચારે સમૂહ–સત્સંગ ખૂબ અજોડ હતા. સત્સંગથી જે વાતાવરણ ઊભું થાય છે, તેનાથી અભ્યાસીઓમાં એક આંતરિક તડપ પેદા થાય છે. અમને ખૂબ આશા અને વિશ્વાસ છે કે આવાં કાર્યક્રમોથી નિષ્ઠાવાન અભ્યાસીઓની એક ’ટીમ’ તૈયાર થશે કે જેઓ જવાબદારીઓ ઝીલશે અને વડોદરા ખાતેના ૨૪મી જુલાઈ ૨૦૦૯ના ઉત્સવમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

© ૨૦૦૮ શ્રી રામચંદ્ર મિશન ("SRCM"). સર્વ હક્ક સ્વાધીન.
"શ્રી રામચંદ્ર મિશન", "સહજ માર્ગ", “SRCM”, “કોન્સ્ટન્ટ રિમેમ્બરન્સ” અને મિશનનું પ્રતીક, શ્રી રામચંદ્ર મિશનના રજીસ્ટર્ડ ટ્રેડમાર્કસ છે.
વિષય માટે આ સંદેશમાં સુધારા કરી શકાય. તે માત્ર SRCMનાં સભ્યો માટે જ ઉપલબ્ધ છે.
આમાં જણાવેલાં મંતવ્યો SRCMના ન પણ હોઈ શકે.
ગુપ્તતાનું વિધાન: http://www.srcm.org/members/privacypolicy.jsp